## ❖ અભ્યાસના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે માં લખો :

(1) મેહુલની નોટ સાહેબ વર્ગનાં બધાં બાળકોને બતાવે છે, કારણ કે ... **[ગ]**

(ક) નોટના પાનાં લીસાં હતાં.

(ખ) તે કાયમ નિયમિત લેસન કરે છે.

(ગ) તેના અક્ષરો સુંદર હોય છે.

(ઘ) તેણે હોમવર્ક સરસ ર્યું હતું.

(2) અક્ષરો સારા કાઢવા હોય તો... **[ઘ]**

(ક) મન શાંત રાખવું.

(ખ) કલમથી જ લખવું.

(ગ) નવી બૉલપેનની જરૂર પડે.

(ઘ) સારા અક્ષરે લખવાનો મહાવરો કરવો પડે.

(3) તમે પહેલા ધોરક્ષમાં ભવૃતાં ત્યારે સાહેબ આડી-ઊભી-ત્રાંસી લીટી ધરાવતા, કારણ કે... **[ખ]**

(ક) લખવાનો મહાવરો થાય.

(ખ) અક્ષરોના વળાંક સુધરે.

(ગ) ચિત્ર દોરતાં આવડે.

(ઘ) આનંદ થાય.

પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :

(1) સાહેબ બધાંને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હાર્દિક શું માને છે ?

- ➢ સાહેબ બધાંને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હાર્દિક માને છે કે તેની નોટનાં પાનાં લીસાં અને સરસ છે.

(2) ‘ચારો'ને બદલે કયો શબ્દ વંચાયો?

- ➢ ‘ચારો'ને બદલે ‘મારજો' શબ્દ વંચાયો.

(3) સોનલના પપ્પા તેને કેવી નોટ લાવી આપે છે?

- સોનલના પપ્પા તેને સસ્તી નોટ લાવી આપે છે.

(4) અશરફ કલમને શેમાં બોળવાનું કહે છે?

- અશરફ કલમને શાહીના ખડિયામાં બોળવાનું કહે છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં આપો :

(1) 'ઓડનું ચોડ વેતરાઈ જવું' એટલે શું?

- 'ઓડનું ચોડ વેતરાઈ જવું' એ રૂઢિપ્રયોગ છે. એનો અર્થ છે કઈને બદલે કંઈ થઈ જવું.

(2) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે શી સલાહ આપી?

- સોનલનાં ઘદીમાએ અક્ષર સુધારવા માટે એ સલાહ આપી કે સવારે વહેલ ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવા અને હાથ કરી જાય પછી એવા હાથે ધીમે ધીમે સરસ રીતે લખવું.

## ❖ સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) બધાં બાળકો મેહુલની નોટ કેમ જોતાં હતાં?

- મેહુલના અક્ષર સારા હતા અને તે લખતી વખતે છેકછાક નહોતો કરતો. એટલા માટે બધાં બાળકો મેહુલની નોટ જોતાં હતાં.

(2) સોનલના અક્ષર સારા આવે છે તેનું કયું કારણ રાધા આપે છે?

- સોનલના અક્ષર સારા આવે છે તેનું કારણ આપતાં રાધા કહે છે કે, સોનલ અણીવાળી પેન્સિલથી લખે છે એટલે એના અક્ષર સારા ખાવે છે.

(3) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે?

- ગાંધીજીએ અથરો વિશે કહ્યું છે કે, 'ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે.'

(4) કલમથી કેવી રીતે લખાય છે?

➢ કલમને દવાત(શાહીના ખડિયા)માં બોળીને લખાય છે.

(5) ધવલે કલમના બદલે બૉલપેનથી લખવાના કયા ફાયદા બતાવ્યા?

➢ ધવલે કલમના બદલે બૉલપેનથી લખવાના આ ફાયદા બતાવ્યા : પેન્સિલની માફક અણી છોલવાની ચિંતા નહિ. ઇન્ડિપેનની માફક શાહી ભરવાની કડાકટ નહિ. હાથ ગંદા થવાનો ડર નહિ અને રીફિલ ખલાસ થાય એટલે બદલી નાખવાની.

(6) ખરાબ અક્ષરોને લીધે થતા ગોટાળા માટે લેખિકાએ ક્યાં કયાં ઉદાહરણો આપ્યાં છે

ખરાબ અક્ષરોને લીધે થતા ગોટાળા માટે લેખિકાએ નીચેનાં ઉદાહરણો માપ્યાં છે :

➢ **(1)** એક વખત રાધાની મમ્મી બહારગામ ગઈ ત્યારે રાધાની ફોઈએ તેની મોટી બહેનને કાગળમાં લખ્યું, 'માટલું બરાબર સાફ કરજો, ઓટલો બરાબર વાળજો." ત્યારે ખરાબ અક્ષરને કારણે બધાંને એવું વેચાયું, "ચોટલું બરાબર સાફ કરજો, ચોટલો બરાબર વાળજો." આથી, રાધાની બહેન રોજેરોજ ચાટલા (અરીસા) સાફ ક્ય કરતી અને પોતાના ટૂંકા વાળનો ચોટલો વાળવાની કોશિશ કર્યા કરતી.

➢ **(2)** એક માણસે ગામડે કાગળમાં લખ્યું કે, "ઢોરને બરાબર ચારજો." ખરાબ અક્ષરને કારણે ત્યાં એવું વંચાયું કે, "ઢોરને બરાબર મારજો!" આને લીધે બિચારાં ઢોર માર ખાઈખાઈને અધમૂઓ થઈ ગયાં.

પ્રશ્ન 2. અક્ષરો સુધારવા માટે કોણ કઈ રીત બતાવે છે તે લખો :

(1) સોનલ : (2) ધવલ (3) રાધા (4) અશરફ ઉત્તર :

(1) **સોનલ:** સવારમાં વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવા. હાથ ઠરી જાય પછી ધીમે ધીમે સરસ રીતે લખવું.

(2) **ધવલ :** સુલેખનની નોટમાં લખવાથી અક્ષર સુધારી શકાય છે.

(3) **રાધા :** પાટલી પર ભીની માટી પાથરવી, પછી સરસ વળાંકવાળી અમેર લખીને માટીને સુકાવા દેવી, એ અક્ષરો ઉપર લખવા અભ્યાસ કરવાથી અક્ષર સુધરી જાય છે.

(4) **અશરફ :** વર્તુળ-અર્ધવર્તુળવાળાં તથા ઊભી-આડી-ત્રાંસી લીટીવા, ચિત્રો દોરવાથી વળાંક્વાળા સુંદર અક્ષર આવે છે,

પ્રશ્ન 3. નીચેની ગદ્યસૂક્તિનો વિચારવિસ્તાર કરો:

ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે.'

- કેળવણી' શબ્દ 'કેળવવું" પરથી બન્યો છે. 'કેળવવું એટલે કે સુધારીને સુટેવો પાડવી. કેળવણી એ એક પ્રકારની તાલીમ છે. ભાષામાં વાચન મુખપાઠ અને શ્રુતલેખન આવે છે. આ ત્રણે બાબત સારી રીતે શીખી લીધા પછે. વિધાર્થીએ સુલેખન પર ધ્યાન આપવું જોઈએ. સુલેખનની નોંધપોથીમાં અક્ષરો સટ્ટ રીતે ઘૂંટવાથી તથા ચિત્રકળા શીખવાથી અક્ષરો મરોડદાર અને મોતીના ઘણા જેવા આવે છે. સારા અક્ષર પણ કેળવણીનો જ એક ભાગ છે. ખરાબ અસરને કાર - રાતે ઘણા ગોટાળા સર્જાય છે. એટલા માટે જ ગાંધીજીએ કહેલું કે, 'ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે.

પ્રશ્ન 4. (ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યો બનાવો :

(1) વાતોનાં વડાં કરવાં

(2) ઓડનું ચોડ વેતરાઈ જવું

(1) વાતોનાં વડાં કરવાં – નકામી લાંબી લાંબી વાતો કરવી.

- **વાક્ય :** કેટલાક કામધંધા વગરના માણસો નવરા બેઠા બેઠા વાતોનાં વડાં કહ્યું, કરે છે.

(2) ઓડનું ચોડ વેતરાઈ જવું – કંઈને બદલે કંઈ થઈ જવું

- **વાક્ય :** આંધળા અને બહેરા સામસામા મળે ત્યારે એમની વાતચીતમાં ઓડનું ચોડ વેતરાઈ જાય છે.

(ખ) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો

(1) લીસું x ખરબચડું (2) અણિયાળી x વ્ડl

(3) મોંઘું x સસ્તું, સોંઘું (4) ધીરજ x અધીરાઈ

પ્રશ્ન 5. સૂચના પ્રમાણે કરો :

(1) આ પાઠમાં વપરાયેલા પાંચ અંગ્રેજી શબ્દો શોધીને લખો.

- પાઠમાં વપરાયેલા અંગ્રેજી શબ્દો : ક્લાસ, પેપર, પેન, પેન્સિલ,

(2) તમે શોધેલા શબ્દો સાથે અનુબંધ ધરાવતા બીજા શબ્દો લખો. ઉદા., લેસન - નોટબુક

- ક્લાસ - ટીચર, પેપર - નોટ, પેન - અસર, પેન્સિલ – રબર, રીફિલ – બૉલપેન

(3) આ બંને શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.

- ક્લાસમાં ટીચર ભણાવે છે. છોકરાં પેપર અને નોટ લઈને બેઠાં છે. પેનથી સુંદર અક્ષરે લખે છે. ટેબલ પર પેન્સિલ અને રબર પડ્યાં છે. બધાંની પાસે બૉલપેન અને રીલિ છે.

(4) અનુબંધ ધરાવતા શબ્દો તમે કયા આધારે લખ્યા? તમે વાક્યો કેવી રીતે બનાવી શક્યા? વર્ગમાં ચર્ચા કરો. નોંધ :

- વિધાર્થી વર્ગમાં અન્ય વિધાથીઓ સાથે વાક્યો કેવી રીતે બનાવવા તેની ચર્ચા કરશે.

પ્રશ્ન 6. આ પાઠમાં તમને કોનું પાત્ર સૌથી વધારે ગમ્યું? શા માટે?

- આ પાઠમાં મને રાધાનું પાત્ર સૌથી વધારે ગમ્યું, કારણ કે રાધા વિચારશીલ છે. તે સ્વસ્થતાથી વિચારે છે. મિત્રો સાથેની વાતચીતમાં એની સમજદારી તેમજ સૂઝ જણાઇ આવે છે.